# બહેનને હેરાન કરતા યુવકને ભાઈએ છરીના ઘા ઝીંકી સરાજાહેર પતાવી દીધો

## આરોપી મહેશ જેઠવા માળિયા હાટીનાના ખોરાસા ગામનો વતની, પોલીસે સકંજામાં લઈ પૂછપરછ શરૂ કરી





રાજકોટ: રાજકોટના સ્પીડવેલ પાર્ટી પ્લોટ નજીક આજે સરાજાહેર નિલેશ હરિભાઈ ધોકીયા (ઉ.વ.૪૩)ની આરોપી મહેશ દિનેશ જેઠવા (રહે. ખોરાસા ગામ, તા. માળીયા હાટીના)એ છરીના અડધો ડઝનથી વધુ ઘા ઝીંકી હત્યા નિપજાવ્યાનો બનાવ તાલુકા પોલીસમાં જાહેર થયો છે. પોલીસે ગણતરીના કલાકોમાં આરોપીને ઝડપી લઈ પૂછપરછ કરતાં પરિણીત બહેનને મૃતક હેરાન કરતો હોવાથી પતાવી દીધાની કબુલાત આપી છે. હત્યાનો ભોગ બનનાર નિલેશ અંકુર વિદ્યાલય મેઈન રોડ પર વૃંદાવન સોસાયટી શેરી નં.૪માં રહેતો હતો અને ફર્નિચરનું કામ કરતો હતો. સંતાનમાં તેને ૧૫ વર્ષનો પુત્ર અને ૧૩ વર્ષની પુત્રી છે. તેની સાથે તેની પત્ની ભાવના, ભાઈ રમેશ, માતા મધુબેન પણ રહેતા હતા. તાલુકા પોલીસની તપાસમાં ખુલ્યા પ્રમાણે નિલેશ આરોપી મહેશની પરિણીત બહેન પ્રજ્ઞાને મેસેજ કરી કે બીજી કોઈ રીતે હેરાન કરતો હતો. જેને કારણે બંને વચ્ચે અગાઉ પણ માથાકૂટ થઈ હતી. આજે ફરીથી નિલેશે આરોપી મહેશને સ્પીડવેલ પાર્ટી પ્લોટ નજીક વાતચીત કરવા માટે બોલાવ્યો હતો. જ્યાં પહોંચ્યા બાદ નિલેશ એક વોટરકુલરમાં પાણી પી થોડો આગળ પહોંચ્યો તે સાથે જ પાછળથી ઘસી આવેલા આરોપી મહેશે તેને પાછળના ભાગે છરીના બે જેટલા ઘા ઝીંકી દેતાં નીચે પટકાયા બાદ ફરીથી છરી વડે તૂટી પડયો હતો. આ રીતે છરીના અડધો ડઝનથી વધુ ઘા ઝીંકી નિલેશને મોતને ઘાટ ઉતારી દીધો હતો. ત્યાર બાદ બાઈક લઈને ભાગી ગયો હતો. માહિતી મળી જતાં તત્કાળ પોલીસે તેને ગાંધીગ્રામ વિસ્તારમાંથી ઝડપી લીધો હતો. હત્યાની આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં પણ કેદ થઈ ગઈ છે. જે ફૂટેજ પોલીસે તપાસના કામે કબજે લેવા તજવીજ શરૂ કરી છે.

પોલીસે મૃતકના ભાઈ રમેશની ફરિયાદ પરથી ખૂનનો ગુનો નોંધ્યો હતો. બનાવ બન્યો ત્યારે રમેશ કોઠી કોર્ટ યાર્ડ ખાતે ફર્નિચર કામ કરતો હતો. તેના ફઈબાના પુત્ર નરેશ ટાંકે ઘટના અંગે જાણ કરતાં સ્થળ પર દોડી ગયો હતો. જોયું તો તેનો ભાઈ લોહીલુહાણ હાલતમાં પડયો હતો. ૧૦૮ના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

પ્રાથમિક તપાસ પાછળ બહાર આવેલું કારણ જ સાચું છે કે પછી બીજું કોઈ કારણ તે અંગે પોલીસે તપાસ જારી રાખી છે. પોલીસે જણાવ્યું કે આરોપી મહેશ ફેબ્રિકેશનનું કામ કરે છે. હાલ તેની રાજકોટમાં સાઈટ ચાલુ છે.

# પોલીસની ઓળખ આપી 'નકલી પોલીસ' બની લૂંટ ચલાવતી ટોળકીનો પર્દાફાશ

રાજકોટ:કડી-છત્રાલ હાઈવે પર પોલીસની ઓળખ આપી લૂંટ ચલાવતી એક શાતિર ટોળકીનો કડી પોલીસે પર્દાફાશ કર્યો છે. રાજકોટના એક ડ્રાઈવરને આંતરી, પોતે પોલીસ હોવાનું જણાવી માર મારીને એલ્યુમિનિયમના સ્ક્રેપ ભરેલી ગાડી લૂંટી લેવામાં આવી હતી. જોકે, પોલીસે ૨૫થી વધુ સીસીટીવી કેમેરા તપાસીને બે આરોપીને દબોચી લીધા છે.બનાવની વિગતો મુજબ, રાજકોટના સુનિલ નટુભાઈ સોલંકી (ઉ.વ. ૨૯) ગત ૩૧ જાન્યુઆરીના રોજ કડીની 'એ.કે. ટ્રાન્સફોર્મર્સ' કંપનીમાંથી એલ્યુમિનિયમ સ્ક્રેપ ભરીને પોતાની બોલેરો પીકઅપ ગાડી (GJ-04-AW-1616) લઈને નીકળ્યા હતા. સાંજના સમયે કડી-છત્રાલ રોડ પર 'કમલા અમૃત ઈન્ડસ્ટ્રીઝ' પાસે એક જ્યુપિટર અને ઈકો કારમાં આવેલા ચાર શખસે તેમનો રસ્તો રોક્યો હતો.



આ શખસોએ નકલી પોલીસ બની સુનિલ પાસે લાયસન્સની માંગણી કરી હતી અને ત્યાર બાદ તેમને અપશબ્દો આપી, ગડદાપાટુંનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી રૂ. ૩ લાખની મત્તા (ગાડી અને સ્ક્રેપ) લૂંટીને ફરાર થઈ ગયા હતા.

આ ચકચારી લૂંટ બાદ પોલીસની અલગ-અલગ ટીમો તપાસમાં જોડાઈ હતી. પોલીસે હાઈવે પરના ૨૫થી વધુ સીસીટીવી ફૂટેજ ખંગાળ્યા હતા, જેમાં લૂંટારુઓ અને ગુનામાં વપરાયેલું જ્યુપિટર સ્કૂટર કેદ થઈ ગયા હતા. ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદથી પોલીસે ૪ પૈકીના ૨ આરોપીને ઝડપી પાડ્યા છે.

પોલીસે પકડાયેલા આરોપીઓ પાસેથી લૂંટમાં ગયેલી બોલેરો પીકઅપ ગાડી અને એલ્યુમિનિયમ સ્ક્રેપ સહિતનો તમામ મુદ્દામાલ રિકવર કરી લીધો છે. હાલમાં આ ટોળકીના બાકીના બે ફરાર સાગરીતને પકડવા માટે પોલીસે અલગ-અલગ દિશામાં ચક્રો ગતિમાન કર્યા છે. હાઈવે પર રાત્રિના સમયે ડ્રાઈવરોએ સાવચેત રહેવા અને શંકાસ્પદ હિલચાલ જણાયે તાત્કાલિક પોલીસનો સંપર્ક કરવા અપીલ કરવામાં આવી છે.

# જસદણ પાસે શંકાસ્પદ કારની તલાશી લેતાં દારૂની ૨૬૨૩ બોટલ નીકળી પડી!

જસદણ:

જસદણ બાયપાસ પાસેથી દારૂ ભરેલી કાર રૂરલ એલસીબીની ટીમએ ઝડપી લીધી હતી. પોલીસે કારમાંથી રૂ. ૬.૧૬ લાખની કિંમતનો ૨૬૨૩ બોટલ દારૂનો જથ્થો ઝડપી લીધો હતો, રાબેતામુજબ બુટલેગર પોલીસના હાથમાં આવ્યો ન હતો.દારૂનો આ જથ્થો અને કાર સહિત કુલ રૂપિયા ૧૬.૧૬ લાખનો મુદ્દામાલ કબજે કરી દારૂ ભરેલી કાર અહીં મૂકી નાસી ગયેલા બુટલેગરને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.ગ્રામ્ય એલસીબી ઈન્ચાર્જ પીઆઈ એફ.એ. પારગીના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ એચ.સી. ગોહિલ, આરવી ભીમાણી તથા




ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન એલસીબી ટીમને એવી માહિતી મળી હતી કે, જસદણ વિસ્તારમાંથી દારૂનો જથ્થો ભરી કાર પસાર થનાર છે.જેથી આ બાતમીના આધારે પોલીસે જસદણમાં બાયપાસ હાઈવે સ્મશાન પાસેના પુલથી ભાડલી-સનાળા રોડ પરથી શંકાસ્પદ કાર નંબર જીજે ૨૩ સીબી ૧૨૩૧ માંથી રૂપિયા ૬૧૬૯ ની કિંમતનો ૨૬૨૩ બોટલ દારૂનો જથ્થો ઝડપી લીધો હતો.જો કે પોલીસ પહોંચે તે પૂર્વે બુટલેગર અંધારાનો લાભ લઈ નાસી ગયો હતો. પોલીસે દારૂનો આ જથ્થો અને કાર સહિત કુલ રૂપિયા ૧૬,૧૬,૬૪૯ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

# પત્નીનાં આપરેશન માટે વ્યાજે પૈસા લેનારને વ્યાજખોરોનો ત્રાસ

## એક વ્યાજખોરને રૂા. ૨૫ હજારના બદલામાં રૂા.૫૫ હજાર, બીજાને રૂા.૩૫ હજારના બદલમાં રૂા.૪૫ હજાર ચુકવ્યા છતાં ત્રાસ

રાજકોટ: રામાપીર ચોકડી પાસે હરસિદ્ધિ સોસાયટી શેરી નં.૨માં રહેતા રિક્ષા ચાલક મિલન રાજેશભાઇ ગણાત્રા (ઉ.વ.૩૬)ને વ્યાજખોરોએ મારકૂટ કરી, ધાકધમકી આપતા પ્ર.નગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઇ છે. જેના આધારે પોલીસે સદામ દલવાણી, તેના ભાઇ આફતાબ, અસલમ ડોંકીયા અને અજાણ્યા શખ્સ સામે ગુનો દાખલ કર્યો છે.

ફરિયાદમાં મિલનભાઇએ જણાવ્યું છે કે, છ મહિના પહેલાં પત્નીનાં ગાંઠના ઓપરેશન માટે પૈસાની જરૂરીયાત પડતાં આફતાબ



પાસેથી રૂા. ૨૫ હજાર ૨૦ ટકા વ્યાજે લીધા હતા. અત્યાર સુધી વ્યાજ અને પેનલ્ટી મળી રૂા.૫૫ હજાર ભરી દીધા છે. બીજા આરોપી અસલમ પાસેથી રૂા.૩૫ હજાર ૨૦ ટકા વ્યાજે લીધા હતા. તેને પણ વ્યાજ અને પેનલ્ટી સહિત રૂા.૪૫ હજાર આપી દીધા છે. આમ છતાં પઠાણી ઉઘરાણી કરે છે. ગઇ તા.૨ના રોજ બપોરે પેસેન્જરને મુકવા રેલવેસ્ટેશને ગયા હતા ત્યારે આફતાબનાં ભાઇ સદામ અને અજાણ્યા શખ્સે જેમ ફાવે તેમ બોલી, ગડદા-પાટુનો માર માર્યો હતો. સાથોસાથ ધમકી આપી હતી કે પૈસા આપી દેજે બાકી પાછા પકડીને મારશુ. આ રીતે અવાર-નવાર હેરાન કરતા હોવાથી ફરિયાદ નોંધાવી હતી. આરોપી સદામ અને અસલમ ભગવતીપરામાં સુખસાગર હોલ પાસે રહે છે. પ્ર.નગર પોલીસે મનીલેન્ડ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી ધરપકડ સહિતની કાર્યવાહી કરવા તજવીજ હાથ ધરી છે.

# દોઢ વર્ષ પહેલા પ્રેમ લગ્ન કરનાર ૨૬ વર્ષીય નિકિતા વેગડાનો ગળાફાંસો ખાઈ આપઘાત

રાજકોટ:લવ મેરેજ કરનાર ૨૬ વર્ષીય નિકિતા વેગડાએ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. દોઢ વર્ષ પહેલા પ્રેમ લગ્ન બાદ માતા-પિતા બોલાવતા ન હોવાથી દુઃખી હતી તેવું પતિએ જણાવતા પોલીસે આત્મહત્યાનું સ્પષ્ટ કારણ જાણવા તપાસ હાથ ધરી છે. મળતી માહિતી અનુસાર, નિકિતા પિયુષભાઈ વેગડા (ઉંમર વર્ષ ૨૬, રહે.દિનેશ એપાર્ટમેન્ટ, વિરાણી હાઈસ્કૂલની પાછળ, ટાગોર રોડ પાસે, રાજકોટ) આજે સવારે પોતાના ઘરે ફ્લેટમાં ગળાફાંસો જીંદગી ટૂંકાવી લીધી હતી. બનાવના પગલે પોલીસ દોડી ગઈ હતી.નિકિતાએ બાથરૂમમાં



પાઈપ વડે ચૂની બાંધી ગળા ફાંસો ખાઈ લીધો હતો. પોલીસે પુછપરછ કરી હતી. જેમાં પતિ સહિતનાનું કહેવું છે કે લવ મેરેજ કર્યા હોવાથી નિકિતાના માતા પિતાએ સંબંધ તોડી નાંખ્યો હતો.માતા પિતા નિકિતા સાથે બોલતા નહીં. જેથી તેને એ વાતનું દુઃખ હતું. અને આ કારણે પગલું ભર્યાનું અનુમાન છે. જોકે પોલીસે નિકિતાના માતા પિતાનું નિવેદન લેવા પણ તજવીજ કરી હતી.

# ચાર ચોરાઉ મોટરસાયકલ સાથે એક ઝડપાયો

રાજકોટ:કોટડાસાંગાણીના શાપર-વેરાવળ પોલીસે શાંતિધામ વિસ્તારમાંથી ચાર ચોરાઉ મોટરસાયકલ સાથે એક આરોપીને ઝડપી પાડ્યો છે. પોલીસે આરોપી પાસેથી કુલ ?૮૦,૦૦૦/- ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ઝડપાયેલા આરોપીની ઓળખ અક્ષય મનસુખભાઈ મહેતા તરીકે થઈ છે.શાપર-વેરાવળ પોલીસ સ્ટાફ નિયમિત પેટ્રોલિંગ કરી રહ્યો હતો તે દરમિયાન શાંતિધામ વિસ્તારમાં એક શંકાસ્પદ વ્યક્તિ જોવા મળ્યો હતો. પોલીસે તેને અટકાવી પૂછપરછ કરતા તેના જવાબો સંતોષકારક નહોતા. તેની પાસે રહેલી મોટરસાયકલના દસ્તાવેજો માંગતા તે રજૂ કરી શક્યો નહોતો.વધુ કડક પૂછપરછ કરતા આરોપી અક્ષય મહેતાએ આ મોટરસાયકલ ચોરીની હોવાની કબૂલાત કરી હતી. તેણે જણાવ્યું કે તેણે ગોંડલ બસ સ્ટેશન




વિસ્તાર તેમજ રીબડા રેલ્વે સ્ટેશન પાસેથી અલગ અલગ સમયે બે મોટરસાયકલોની ચોરી કરી હતી. જ્યારે અન્ય બે બાઈક તેમના મીત્ર પાસેથી ખરીદી કર્યાની કબૂલાત આપી છે.જેપણ ચોરાઉ હોવાનુ શંકા વ્યક્ત કરાઈ છે.પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે આરોપી જાહેર સ્થળો અને ભીડભાડવાળા વિસ્તારોને નિશાન બનાવી રેકી કર્યા બાદ ચોરીને અંજામ આપતો હતો.પોલીસે આરોપી વિરુદ્ધ ચોરીનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

# રિક્ષા સળગાવનાર આરોપીઓનું પોલીસે જાહેરમાં રી-કન્સ્ટ્રક્શન કર્યુ

**જૂની અદાવતમાં રિક્ષા સળગાવવાના ગુનામાં કડક કાર્યવાહી, ભય દૂર કરવા પ્રયાસ**

ગોંડલ:ગોંડલ સિટી પોલીસે જૂની અદાવતમાં રિક્ષા સળગાવવાના કેસમાં પકડાયેલા આરોપીઓનું જાહેરમાં રી-કન્સ્ટ્રક્શન કરાવ્યું હતું. આ કાર્યવાહીનો મુખ્ય હેતુ શહેરમાં કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવાનો અને ગુનેગારોમાં પોલીસનો ભય પેદા કરવાનો છે.

થોડા દિવસો પૂર્વે સોયબ પીજારો અને સિકંદર ઉર્ફે સીકલો શેખા નામના બે આરોપીએ જૂની અદાવતને કારણે એક રિક્ષાચાલકની



રિક્ષાને આગ ચાંપી નુકસાન પહોંચાડ્યું હતું. ધરપકડ બાદ, બંને શખ્સોને ઘટનાસ્થળે લઈ જઈ આખી ઘટના કેવી રીતે અંજામ આપી તેનું રી-કન્સ્ટ્રક્શન કરાયું.પોલીસ દ્વારા આ પ્રકારની કામગીરી કરવા પાછળ બે મુખ્ય કારણો છે. પ્રથમ, ગુનાની કડીઓ જોડવા અને આરોપીઓએ કઈ રીતે આગ લગાડી તેનું સ્થળ પર નિરીક્ષણ કરવું. બીજું, ભરબજારમાં આરોપીઓને ફેરવી સામાન્ય જનતામાંથી ડર દૂર કરવો અને ગુનેગારોમાં કાયદાનું ભાન કરાવવું.ગોંડલ સિટી પોલીસ હાલ એ દિશામાં તપાસ કરી રહી છે કે આ ગુનામાં અન્ય કોઈ શખ્સોની સંડોવણી છે કે કેમ. આ કડક કાર્યવાહીથી સ્થાનિક અસામાજિક તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# શાકભાજીની લારી લઈને જતો હતો ને ઢળી પડ્યો! પડતાં જ રેકડીની નીચે ઘૂસી ગયો




રાજકોટ:રાજકોટમાં શાકભાજીની લારી ચલાવતો યુવાન બેભાન થઈ ઢળી પડ્યાના સીસીટીવી સામે આવ્યા છે. શહેરના રૈયા ટેલિફોન એક્સચેન્જ પાસે આવેલી સોસાયટીમાંથી શાકભાજીની લારી લઈને નીકળતો હોય છે ત્યારે અચાનક ઢળી પડતાં બેભાન થઈ ગયો હતો. ત્યાર બાદ શાકભાજીની લારીની નીચે ઘૂસી ગયો હતો.

આ દરમિયાન સામેથી આવી રહેલી એક વ્યક્તિ દોડી આવી અને થોડીવારમાં અન્ય લોકો પણ આવી પહોંચ્યા હતા. યુવાનની ગંભીર બની રહેલી સ્થિતિ જોતાં તેને ઝુઈ આપવામાં આવ્યા હતા, જોકે તેમ છતાં પણ કોઈ ફેર ન પડતાં ૧૦૮ની મદદથી તેને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. સિવિલમાં બે દિવસ સારવાર આપ્યા બાદ તે યુવાન સાજો થઈ જતાં રજા આપવામાં આવી હતી.પ્રાપ્ત વિગતો મુજબ, રાજકોટ શહેરના રૈયા ટેલિફોન એક્સચેન્જ પાસે આવેલી સોસાયટીમાંથી એક શાકભાજીધારક ત્યાંથી લારી લઈને નીકળતો હતો, જોકે એ દરમિયાન તે અચાનક બેભાન થઈ ઢળી પડતાં શાકની લારી નીચે આવી ગયો હતો.આ અંગે ૧૦૮ના કિરણ પરમારે જણાવ્યું હતું કે ૧૦ જાન્યુઆરી, ૨૦૨૬ના સવારે ૯.૨૫ વાગ્યે રૈયા ટેલિફોન એક્સચેન્જ પાસેની સોસાયટીમાં શાકભાજી ધારક લાભુભાઈ શંકરભાઈ બેભાન થઈ ગયા હોવાનો ફોન આવ્યો હતો, જેથી ૧૦૮ એમ્બ્યુલન્સ ત્યાં પહોંચી ગઈ હતી અને એ પછી તેને સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

# ચોટીલા નજીક હોટલના પાર્કિંગમાં ટ્રકની તલાશી લેતા ૮૫ લાખનો દારૂ પકડાયો!

## હાઈવે પરની હોટલોનો ગેરકાયદે પ્રવૃત્તિમાં ઉપયોગ થતો હોવાની વધુ એક ઘટના

સુરેન્દ્રનગરઃ

સુરેન્દ્રનગર જિલ્લાની હાઈવે પરની હોટલનો કેમિકલ ચોરી, દારૂની હેરાફેરીમાં થતી હોવાની વધુ એક ઘટના સામે આવી છે. ૩૧મી જાન્યુઆરીએ માલવણ નજીક આલિશન હોટલમાંથી એસએમસીએ દરોડો પાડી દોઢ કરોડનો દારૂ ઝડપાયા બાદ ચોટીલાના સાંગાણી ગામના પાટિયા પાસે ગોપાલ હોટલમાં પાર્ક ટ્રકમાંથી એલસીબી પોલીસે ૮૫.૬૬ લાખની દારૂની ૧૧,૪૯૬ હોટલ ઝડપી પાડયો છે. એલસીબીએ દારૂ, ટ્રક સહિતનો રૂ.૧.૦૬ કરોડનો મુદ્દામાલ જપ્ત કરી સ્થળ પર હાજર નહી મળી આવેલા ચાર શખ્સ સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

સુરેન્દ્રનગર જિલ્લામાંથી પસાર થતા નેશનલ હાઈવે પર બુટલેગરો દ્વારા મોટા પ્રમાણમાં ગેરકાયદેસર ઈંગ્લીશ દારૂની હેરાફેરી અને કટીંગ કરવામાં આવતું હોવાની ફરિયાદો વચ્ચે સુરેન્દ્રનગર એલસીબી પોલીસે બાતમીના આધારે ચોટીલા-સાયલા નેશનલ હાઈવે પર ચોટીલાના સાંગાણી ગામના પાટિયા પાસે ગોપાલ હોટલના કમ્પાઉન્ડમાં પાર્ક કરેલી એક ટ્રકમાંથી દારૂ ઝડપી પાડયો છે.

પોલીસે ટ્રકની તલાશી લેતા તેમાં ખાતરની થેલીઓની આડમાં સંતાડેલી ઈંગ્લીશ દારૂની ૧૧,૪૯૬ બોટલ (કિં.રૂ.૮૫,૬૬,૮૦૦), ખાતરની ૨૨૫ થેલીઓ (રૂ.૬૭,૫૦૦), ટ્રક (રૂ.૨૦,૦૦,૦૦૦), મોબાઈલ સહિત કૂલ રૂ.૧,૦૬,૩૪,૮૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. જ્યારે સ્થળ પર હાજર મળી નહીં આવેલ ટ્રક ચાલક, ટ્રક માલિક, ઈંગ્લિશ દારૂ મોકલનાર અને મંગાવનાર સહિત કૂલ ૦૪ શખ્સો સામે ચોટીલા પોલીસ મથકે પ્રોહીબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે સ્થાનિક પોલીસને અંધારામાં રાખી એલસીબી ટીમ દ્વારા મોટા પ્રમાણમાં ઈંગ્લીશ દારૂ ઝડપી પાડતા સ્થાનિક પોલીસની કામગીરી સામે અનેક સવાલો ઉભા થયા છે.

# ગોંડલમાંથી રુ ૪.૪૦ લાખની ચોરી કરી નાસતો ફરતો ઈવનગરનો તસ્કર ઝડપાયો

ગોંડલ:ગોંડલમાંથી રૂ.૪.૪૦ લાખની ચોરી કરી ફરાર થયેલા ઈવનગરના તસ્કરને રાજકોટ ક્રાઈમ બ્રાન્ચે પકડી પાડી રૂ.૩.૫૭ લાખના દાગીના કબ્જે કર્યા હતાં. જયારે ચોરીમાં સામેલ અન્ય રાજકોટમાં રહેતાં બે તસ્કરની શોધખોળ યથાવત રખાઈ છે. બનાવ અંગે ગોંડલના રૈયાણી નગરમાં રહેતાં ટ્રક ડ્રાઈવર નરેશભાઈ બટુકભાઈ જોષી (ઉ.વ.૫૫) એ નોધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓની પાસે ટાટા કંપનીના બે આઈસર છે,

જેમા એક પોતે ચલાવે છે. ગઈ તા.૦૩-૧૧-૨૦૨૫ ના રાત્રીના એકાદ વાગ્યે તેઓ આઈસર ગાડીમા ગોંડલના અલગ અલગ કારખાનામાંથી માલ ભરી ભાવનગર જવા નીકળેલ અને તેમના મારા પત્ની કૈલાસબેન ઘરે એકલા હતા. બપોરના દોઢેક વાગ્યે પત્ની કૈલાશબેનનો ફોન આવેલ કે, ઘરમા કોઇ અજાણ્યો માણસ તાળા તોડી ચોરી કરેલ છે. જેથી તેઓએ ઘરે આવી જોતા સોના ચાંદીના દાગીના અને રોકડ મળી કુલ રૂ.૪.૪૦ લાખના મુદામાલની ચોરી થયાનું સામે આવતા સીટી બી. ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી.દરમિયાન રાજકોટ ક્રાઈમ બ્રાન્ચ પીએસઆઈ ડી.પી.ઝાલા ટીમ સાથે પેટ્રોલિંગ હતાં ત્યારે સાથેના હેડ કોન્સ્ટેબલ દીપકભાઈ ડાંગર, કોન્સ્ટેબલ મનીષભાઈ ચાવડા અને ધર્મરાજસિંહ રાણાને હ્યુમન તેમજ ટેકનીકલ સોર્સીસના આધારે ગોંડલમાં થયેલ રૂ.૪.૪૦ લાખની ચોરીના આરોપી સન્ની ઉર્ફે કાલી ચંદુ ચુડાસમા (ઉ.વ.૧૯, ) રહે-ઈવનગર મેંદરડા રોડ જુનાગઢ) ને પકડી પાડીસોના ચાંદીના દાગીના સહિત રૂ.૩.૫૭ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો. જયારે આ ચોરીના ગુનામાં સંડોવાયેલા ભાદા સોલંકી (ઉ.વ.૪૦, રહે-ઢેબર કોલોની મફતીયાપરા રાજકોટ), આકાશ ઉર્ફે ભભુતી ચોહાણ (ઉ.વ.૩૫ રહે-ઉત્તરપ્રદેશ) પોલીસ પકડમાં ન આવતાં તેની શોધખોળ આદરી છે. ઉલ્લેખનીય છે કે ત્રણેય શખ્સો વિરુદ્ધ ઘરફોડ ચોરી સહિતના અનેક ગુના નોંધાયેલ છે

# સુરેન્દ્રનગર સબ જેલમાં કેદીઓ વચ્ચે હિંસક અથડામણ, ૩ને ગંભીર ઈજા

## જેલમાં કડકાઈ વધતા ગેરકાયદે મળતી સવલતો બંધ થતાં રીઢા ગુનોગારો દ્વારા વાતવરણ ડોહળવાનો પ્રયાસ

સુરેન્દ્રનગરઃ સુરેન્દ્રનગરની સબ જેલ ફરી એકવાર વિવાદના વમળમાં ફસાઈ છે. સુરેન્દ્રનગર સબ જેલમાં કેદીઓએ એકબીજા પર હુમલો કરતા યાકુબ પઠાણ, અજીત મકવાણા અને ચેતનસિંહને ઈજા પહોંચતા સારવાર અર્થે સુરેન્દ્રનગરની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

ઈજાગ્રસ્ત આરોપીઓ ગંભીર ગુનામાં સંડોવાયેલા હોય બંદોબસ્તમાં પી.આઇ. સહિતનો સ્ટાફ ગોઠવતા સિવિલ હોસ્પિટલ પોલીસ છાવણીમાં ફેરવાઇ ગઇ છે. સુરેન્દ્રનગર સબ જેલમાં ૧૨૫ની ક્ષમતા સામે ૩૦૦થી વધુ કેદીઓ હોવાને કારણે અવારનવાર ઘર્ષણ થતું રહે છે. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, જેલમાં કડકાઈ વધતા અને મોબાઈલ-માવા જેવી ગેરકાયદે સવલતો બંધ થતા, રીઢા ગુનેગારોએ જેલનું વાતાવરણ બગાડવા અને હોસ્પિટલના બહાને બહાર આવવા માટે આ કાવતરું રચ્યું હોઈ શકે છે.

જેલની અંદર કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળતા જેલ તંત્ર હવે એક્શન મોડમાં આવ્યું છે. જેલનું વાતાવરણ બગાડનારા અને હુમલાખોર કેદીઓનું લિસ્ટ તૈયાર કરી જિલ્લા પોલીસ વડાને સોંપવામાં આવ્યું છે. આ કેદીઓને ટૂંક સમયમાં અમદાવાદ સાબરમતી સેન્ટ્રલ જેલ અથવા અન્ય જેલોમાં ટ્રાન્સફર કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. સીટી પોલીસે આ સમગ્ર મામલે ગુનો નોંધી હથિયારો ક્યાંથી આવ્યા તે દિશામાં તપાસ તેજ કરી છે.

# ધોરાજીમાં ૨૫ વર્ષીય યુવાને ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી

ધોરાજી:રાજકોટ જિલ્લાના ધોરાજી શહેરમાંથી એક દુઃખદ ઘટના સામે આવી છે. શહેરના જુના ઉપલેટા રોડ પર આવેલા રસુલ પરા વિસ્તારમાં ૨૫ વર્ષીય યુવાને અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી છે.મૃતક યુવાનનું નામ સાહિલ યુનસભાઈ સંધી (ઉ.વ. ૨૫) હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટનાની જાણ થતાં જ પરિવારજનો અને આસપાસના લોકોએ તાત્કાલિક ૧૦૮ઈમરજન્સી સેવાને જાણ કરી હતી. ૧૦૮ મારફતે યુવાનને સારવાર અર્થે ધોરાજીની સરકારી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેને મૃત જાહેર કરાયો હતો.આ આત્મહત્યા પાછળનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. બનાવની જાણ થતાં જ ધોરાજી પોલીસ સ્ટેશનનો સ્ટાફ ઘટનાસ્થળે અને હોસ્પિટલે પહોંચી ગયો હતો. ધોરાજી પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે અને યુવાને કયા સંજોગોમાં આ અંતિમ પગલું ભર્યું તે દિશામાં તપાસ શરૂ કરી છે.યુવાન દીકરાના અકાળે મૃત્યુથી પરિવારજનોમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.